જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦




# Happy New Year to All

તા.૧૨/૧૧/૨૦૧૫ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-**  **સમાચાર યાદી નં.૨૨૯૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી ૨૬૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયરટીન, ૦૧ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓંને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-**  **સમાચાર યાદી નં.૨૩૦૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ/બળાત્કારની ફરીયાદ :-**  **સમાચાર યાદી નં.૨૩૦૧/૧૫**

**ખોખરા :** ખોખરા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીએ તા.૧૧/૧૧/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૧/૧૫ ના કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મનોજ ચંદ્રકાંત હોડકર(મરાઠી)(રહે.મનહરકોલોની, ખોખરા) તરૂણીને લલચાવી ફોસલાવી મુંબઇ ખાતે લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એમ.ચૌહાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૦૨/૧૫**

**વટવા :** ફરજાનાબાનુ ઉર્ફે ગુડ્ડી હુસેનભાઇ શેખ (ઉ.વ.૧૧)(રહે,ખ્વાજાનગર, પંપીગ સ્ટેશન પાસે, કેનાલ રોડ, વટવા) ને તા.૮/૧૧/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ ફરજાનાબાજુના પિતા હુસેનભાઇ શેખે તા.૧૧/૧૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.બી.રાણા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૩૦૩/૧૫**

**વટવા :** યોગેશભાઇ વજાયર (તામીલ) (રહે.શ્રીનંદ રેસીડેન્સી, સી.ટી.એમ. રામોલ) એ તા.૧૧/૧૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૧૪ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અતુલભાઇ દિનેશભાઇ પંચાલ (૨) સમીર દિનેશભાઇ પંચાલ (બંને રહે. સરદાર પટેલ મોલ, નિકોલ રોડ) અને (૩) બેંક ઓફ ઇન્ડીયા (ઇસનપુર શાખા) (ઘોડાસર ક્રોસ રોડ, ઇસનપુર) ભેગામળી યોગેશભાઇને લોન આપવા બાબતે શ્રીનંદ એપરેલ્સના નામનો બોગસ લેટરપેડ બનાવી, લોનનાં રૂપિયા ૧૮,૬૦,૦૦૦/- તથા કમિશનનાં ૯,૮૨,૦૦૦/- મેળવી લઇ, તે પેટે કોઇ મશીનરી નહીં આપી, યોગેશભાઇ સાથે કુલ રૂપિયા ૨૮,૪૨,૦૦૦/- ની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ઠુમ્મર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૦૪/૧૫**

**વેજલપુર :** મનીષભાઇ પ્રવિણચંદ્ર ત્રિવેદી (રહે.હરીહરાનંદ ફ્લેટ, રજવાડુ હોટલ સામે, જીવરાજપાર્ક, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ બપોરનાં ૪/૦૦ થી તા.૧૦/૧૧/૧૫ બપોરનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)